ફો.મું નં.57325/21

**આંક ૧ લગત હુકમ**

આ કામે આરોપી નં. ૨ એ  ગુનો કબુલ કરી ગયેલ છે. રેકર્ડ ધ્યાને લીધું. એ.પી.પી.શ્રી. ને સાંભળ્યા, આ કામે આરોપી વિરુધ્ધ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનાનુ તહોમતનામું તા.૨/૬/૨૧ ના રોજ દાખલ કરાયેલું. ત્યારબાદ આરોપીને હાજર થવા પ્રોસેસ કાઢતાં નં.૨ એ કબુલ કરી આરોપી નં. ૧ જણાવેલ સરનામે મળી આવતા નથી, કે તેમને હાજર કરી શકાયેલ નથી અને આરોપી નં. ૧ ના જામીનદાર પણ મળી આવતા નથી, ત્યારબાદ કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી અને છેલ્લા ઘણા  વર્ષથી કાર્યવાહી આગળ વધી શકેલ નથી અને આરોપીઓ સમરી ગુનાનો આરોપ છે. આરોપીને જણાવેલ સરનામે બજવણી થતી ન હોય, તેઓ નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેમ નહી હોવાનું  બજવણી અધિકારી જણાવેલ છે. શાહેદોને પણ પ્રોસેસ બજતા નથી. આ તબકકે નામદાર સુ.કોર્ટના રજીસ્ટ્રારશ્રી એ.જે.ચીમામી નાઓએ રેફરન્સ નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧/૨૦૦૬ માં સૂચના આપેલ છે કે, જયારે પોલીસ એજન્સી નોટિસ બજાવવામાં નિષ્ફળતા દર્શાવે તેવા સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરવો જોઈએ અને મેજીસ્ટ્રેટ પેટી કેસીસમાં, ચલન કેસોમાં મેટ્રોપોલીટન સીટી કે ટાઉન પોલીસને આરોપીએ હાજર રાખવામાં નિષ્ફળ જાય તો, મેજીસ્ટ્રેટ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરી, આરોપી સામેનું પ્રોસીડીંગ્સ સ્ટોપ કરી શકશે. આ કેસ પણ નજીવા ગુના અંગેનો છે, આવા કેસમાં આરોપીને ગુનો કબુલ કરતા મહતમ દંડ રૂા.૩૦૦/– ની સજાનો હુકમ કરવામાં આવે છે, જેથી કેસની કાર્યવાહી શરતી હુકમ સાથે પડતી મુકતા સરકારશ્રીને કોઈ નુકશાન થાય તેમ જણાતું નથી, કેસનું ભારણ બિનજરૂરી રીતે  અત્રેની કોર્ટને રહે છે. આ સંજોગોમાં  હાલના તબકકે કેસને આગળ ચલાવવાનો કોઈ અર્થજણાતો નથી અને આ કોર્ટને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ ની મળેલ સત્તાનો ઉપયોગ કરવો જોઈએ તેવું મારૂ માનવું છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલના કેસ લગત આરોપી નં.૧ વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ રોકડ રકમ સરકાર જમા કરાવવી. મુદ્દામાલ વાહન–મોબાઈલ હોય તો તે અંગેનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે. બાકી મુદ્દામાલ સાધનોનો નાશ કરવો.

આરોપી નં. ૧ ભવિષ્યમાં મળી આવે તો પોલીસ નવેસરથી ચાર્જશીટ કરી શકશે.

ઉપરોકત હુકમ આજરોજ ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના દિને જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(GJ01124)

અમદાવાદ.
તા. ૧૪/૦૯/૨૦૨૪